









# બેચર સ્વામી
# અતિ પછાત જાતિ
# વિકાસ બોર્ડ



# બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ

ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ પૈકીની ૧૨ જાતિઓને અતિપછાત જાતિ તરીકે જાહેર કરેલ છે. જેમાં (૧) વાલ્મિકી (૨) હાડી (૩) નાડિયા (૪) સેનવા (૫) તૂરી (૬) તૂરી-બારોટ (૭) ગરો (૮) વણકર સાધુ (૯) અનુસૂચિત જાતિના બાવા (૧૦) તીરગર - તીરબંદા (૧૧) થોરી અને (૧૨) માતંગ. અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના લોકો અન્ય જાતિઓની સરખામણીમાં ચોક્કસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક ઉત્કર્ષ થઈ શકે તે માટે અતિપછાત જાતિ વિકાસ બોર્ડની ગુજરાત સરકારે રચના કરેલી છે.

# આ બોર્ડના ઉદ્દેશો અને હેતુ નીચે પ્રમાણેના છે.

૧. આ બોર્ડનો ઉદ્દેશ રાજ્ય સરકાર તથા અનુ.જાતિ વિકાસ નિગમ અને નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ખાતાના સંપર્ક માં રહીને અતિપછાત જાતિના લોકોના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે કાર્યવાહી કરવાની રહેશે.

૨. આ જાતિના લોકોના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટેપગલાં સૂચવવાના રહેશે.

૩. અનુસૂચિત જાતિઓ માટેના વિકાસ માટેની યોજનાઓના મૂળભૂત આશય સાથે સુસંગત રહી અતિપછાત જાતિ માટે આયોજનાઓના અસરકારક અમલ માટે જરૂરી સલાહ સૂચન કરશે.

૪. અતિપછાત જાતિઓના આર્થિક વિકાસ અંગે આર્થિક ઉપાર્જન થાય તેવી યોજનાઓને તે અંગેની તાલીમ અંગે સલાહ આપશે

૫. સરકાર તરફથી ઉપરોક્તહેતુઓ માટે સોંપવામાં આવે તે અન્ય કામગીરી આ બોર્ડ દ્વારા કરવાની રહેશે.

આ બોર્ડ ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમની છત્ર છાયામાં અને તેના સંપર્કમાં રહી કામગીરી કરશે,તેમજ જરૂર જણાયે નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ખાતાની કચેરીઓની સહાય લઇ કામગીરી કરશે.

## સરકારી સભ્યો નીચે પ્રમાણે દર્શાવ્યા મુજબના છે.

૧. સંયુક્ત સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, (અનુસૂચિત જાતિ કલ્યાણ)

૨. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૩. નાણાંકિય સલાહકારશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

૪. મેનેજીગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

૫. ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

૬. કમિશ્નરશ્રી અને સચિવશ્રી, કુટિર, અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

૭. કમિશ્નરશ્રી, અને સચિવશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૮. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૯. સચિવશ્રી, બેચરસ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ, (સભ્ય સચિવ) બોર્ડના અધ્યક્ષ તરીકે સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની નિમણુંક તારીખ ૦૭/૦૧/૨૦૦૨ ના ઠરાવથી થયેલ છે.

- ૨૦૦૭-૦૮માં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના કુલ બજેટનાં ૨૦ ટકા બજેટ અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિઓ માટે વાપરવાનું નક્કી થયેલ.
- ૨૦૦૮-૦૯માં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના કુલ બજેટનાં ૨૫ ટકા બજેટ અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિઓ માટે વાપરવાનું નક્કી થયેલ.
- ૨૦૦૯-૧૦માં ગતવર્ષ કરતા ૨૫% વધારે ખર્ચ અતિપછાત જાતિ માટે કરવાનું નક્કી થયું છે.
- સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં.-એસ.સી.ડબલ્યુ./૧૦૨૦૦૩/૧૦૯૨/ગ તા.૧૪/૦૨/૨૦૦૫ ના ઠરાવથી અનુસૂચિત જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાંકીય સવલત અંગેની માનવગરીમા યોજનામાં અતિપછાત જાતિઓ માટે આવક મર્યાદાનું ધોરણ રદ કરવામાં આવેલ છે.
- અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની રચના બાદ અનુ.જાતિ વિકાસ કોર્પોરેશન તથા અનુ.જાતિકલ્યાણ, ખાતા મારફત આપવામાં આવેલ અતિપછાત જાતિઓના લાભાર્થીઓને આપેલ લાભની વિગત.

## ➲ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ સમરીપત્રક

| વર્ષ | અતિપછાતજાતી માટેની જોગવાઈ | ખર્ચ | ખર્ચના ટકા |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૭૪૯.૦૦ | ૧૭૦૪.૪૯ | ૯૭.૪૬ |
| ૨૦૦૭-૦૮ | ૨૦૦૨.૮૬ | ૧૯૬૪.૩૮ | ૯૮.૦૮ |
| ૨૦૦૮-૦૯ | ૮૧૨૬.૪૩ | ૫૯૦૯.૩૧ | ૭૨.૭૨ |

➲ **અનુ.જાતિ વિકાસ નિગમ ગાંધીનગર તરફથી નિગમ હસ્તકની યોજનાઓ અતિપછાત જાતિના લાભાર્થીઓને આવરી લઈ લાભ આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | યોજના | વર્ષ | લાભાર્થી | લોનની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | બેન્કેબલ | ૨૦૦૦-૦૧ | ૩૬૯ | ૫૫,૬૯,૭૩૦/- |
| | " | ૨૦૦૧-૦૨ | ૩૩૪ | ૪૮,૫૬,૪૯૬/- |
| | " | ૨૦૦૨-૦૩ | ૪૦૯ | ૬૯,૦૪,૨૧૩/- |
| | " | ૨૦૦૩-૦૪ | ૪૯૩ | ૯૧,૮૯,૨૧૮/- |
| | " | ૨૦૦૪-૦૫ | ૬૫૯ | ૧,૩૮,૭૮,૩૦૬/- |
| | " | ૨૦૦૫-૦૬ | ૮૮૯ | ૧,૮૧,૯૮,૯૫૦/- |
| | " | ૨૦૦૬-૦૭ | ૯૮૦ | ૨,૯૫,૧૯,૨૯૭/- |
| | " | ૨૦૦૭-૦૮ | ૧૦૯૦ | ૨,૬૨,૭૦,૪૯૨/- |
| | " | ૨૦૦૮-૦૯ | ૧૩૮૭ | ૩,૧૪,૯૭,૦૦૦/- |
| ૨ | સીધા ધીરાણ | ૨૦૦૨-૦૩ | ૨૫ | ૧૨,૦૩,૦૦૦/- |
| ૩ | ડેરી ફાર્મીંગ | ૨૦૦૨-૦૩ | ૧૧૨ | ૨૩,૯૦,૩૨૧/- |
| ૪ | માનવગરિમા | ૨૦૦૪-૦૫ | ૧૨૧૨ | ૩૬,૬૫,૦૦૦/- |
| | " | ૨૦૦૫-૦૬ | ૩૦૪૧ | ૯૧,૨૩,૦૦૦/- |
| | " | ૨૦૦૬-૦૭ | ૧૮૫૩ | ૫૫,૫૯,૦૦૦/- |
| | " | ૨૦૦૭-૦૮ | ૧૭૫૫ | ૫૨,૬૫,૦૦૦/- |

➲ **નિયામક, અનુ.જાતિ કલ્યાણની યોજનાઓમાં અતિપછાત જાતિઓના લાભાર્થીઓને આપેલ લાભ અને ખર્ચની વિગત.**

| ક્રમ | યોજના | વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક યોજનાઓ | ૨૦૦૧-૦૨ | ૧૩૪૧૬ | ૫૦૦.૯૦ |
| | | ૨૦૦૨-૦૩ | ૧૧૭૩૪૩ | ૫૬૧.૩૮ |
| | | ૨૦૦૩-૦૪ | ૧૯૮૯૮૧ | ૭૦૪.૯૬ |
| | | ૨૦૦૪-૦૫ | ૧૭૦૬૮૭ | ૫૯૪.૭૪ |
| | | ૨૦૦૫-૦૬ | ૨૭૯૧૧૦ | ૧૪૬૨.૭૨ |
| | | ૨૦૦૬-૦૭ | ૨૩૭૩૮૦ | ૧૩૬૬.૮૭ |
| | | ૨૦૦૭-૦૮ | ૨૨૯૫૬૦ | ૧૪૭૫.૬૫ |
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૩૨૭ | ૧૭૪૫.૬૫ |

| ક્રમ | યોજના | વર્ષ | લાભાર્થી અને હપ્તાની સંખ્યા | ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ડૉ.આંબેડકર આવાસ યોજના | ૨૦૦૧-૦૨ | ૩૬૧/૦૨ | ૨૨૭.૪૦ |
| | | ૨૦૦૨-૦૩ | ૧૦૯૫ | ૯૭.૨૫ |
| | | ૨૦૦૩-૦૪ | ૧૬૦/૨૪૨૯ | ૨૩૦.૬૬ |
| | | ૨૦૦૪-૦૫ | ૫૭૫/૨૩૬૧ | ૩૭૫.૮૫ |
| | | ૨૦૦૫-૦૬ | ૯૨૪ | ૨૦૮.૧૧ |
| | | ૨૦૦૬-૦૭ | ૧૦૦૩ | ૨૮૮.૮૪ |
| | | ૨૦૦૭-૦૮ | ૧૨૨૪ | ૩૫૫.૪૫ |
| | | ૨૦૦૮-૦૯ | ૩૭૩૯ | ૧૦૩૫.૭૮ |

| ક્રમ | યોજના | વર્ષ | લાભાર્થી | ખર્ચ(લાખમાં) |
|---|---|---|---|---|
| ૨ | આંતરજ્ઞાતિય લગ્ન | ૨૦૦૫-૦૬ | ૨૨ | ૧૧.૦૦ |
| | | ૨૦૦૬-૦૭ | ૩૧ | ૧૫.૫૦ |
| | | ૨૦૦૭-૦૮ | ૩૦ | ૧૫.૦૦ |
| | | ૨૦૦૮-૦૯ | ૪૦ | ૨૦.૦૦ |
| ૩ | વિદેશઅભ્યાસ માટે લોન | ૨૦૦૪-૦૫ | ૫ | ૨૫.૦૦ |
| | | ૨૦૦૫-૦૬ | ૨ | ૧૦.૦૦ |
| | | ૨૦૦૬-૦૭ | ૩ | ૧૫.૦૦ |
| | | ૨૦૦૭-૦૮ | ૪ | ૪૦.૦૦ |
| | | ૨૦૦૮-૦૯ | ૭ | ૭૦.૦૦ |
| ૪ | પાયલોટની તાલીમ માટે લોન | ૨૦૦૭-૦૮ | ૧ | ૧૫.૦૦ |
| | | ૨૦૦૮-૦૯ | ૧ | ૧૫.૦૦ |
| ૫ | એરહોસ્ટેસની તાલીમ યોજના | ૨૦૦૭-૦૮ | ૧૫ | ૬.૭૧ |
| ૬ | કું.મામેરૂ યોજના | ૨૦૦૫-૦૬ | ૪૦૦ | ૨૦.૦૧ |
| | | ૨૦૦૬-૦૭ | ૪૯૭ | ૨૪.૮૫ |
| | | ૨૦૦૭-૦૮ | ૬૩૧ | ૩૧.૫૫ |
| | | ૨૦૦૮-૦૯ | ૫૩૫ | ૨૬.૭૫ |
| ૭ | સાતફેરા સમુહ લગ્ન | ૨૦૦૫-૦૬ | ૭૦ | ૩.૩૬ |
| | | ૨૦૦૬-૦૭ | ૧૫ | ૦.૮૫ |
| | | ૨૦૦૭-૦૮ | ૫૬ | ૨.૯૯ |
| | | ૨૦૦૮-૦૯ | ૭૧ | ૨.૨૧ |

## અનુસુચિત જાતિ કલ્યાણ હસ્તકની છાત્રાલયોમાં અતિપછાત જાતિના છાત્રોને આપેલ પ્રવેશની વિગત

| અ.નં. | વર્ષ | સરકારી છાત્રાલય | આદર્શ નિવાસી શાળા |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૬૦ | ૬૦ |
| | ૨૦૦૫-૦૬ | ૧૩૩ | ૧૧૫ |
| | ૨૦૦૬-૦૭ | ૧૯૨ | ૧૪૦ |
| | ૨૦૦૭-૦૮ | ૧૪૩ | ૧૭૨ |

**યોજનાકીય લાભો અંગે સંબધિત જિલ્લાના (૧) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (વર્ગ-૧) (૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (૩) જિલ્લા મેનેજરશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અથવા (૪) તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.**

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦ - ૨૦૧૦

નિરોગી
બાળ
વર્ષ



# વંચિતોના વિકાસ માટે સંવદેનાના દિપ પ્રગટાવીએ


બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ
બ્લોક નં.૪, પ્રથમ માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર,
ફોન નં. ૨૩૨૫૬૩૨૩,૨૫